# કલમ કડછી બરછી

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

મે – ૨૦૨૩ વર્ષ: ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## મારી મા

આવી હતી મા...
મને કાંટો વાગ્યો
મેં રાડ પાડી..ઓ...મા...
ને,માના ફોટામાંહેથી રક્ત ટપક્યું !!

મેં ફૂલહાર માગ્યો
મેં મીટ માંડી હે..મા
ને,માના ફોટામાંહેથી ઉપવન ઊમટ્યું !!
આવી મારી મા.

આજેય શ્વાસોશ્વાસમાં વસતી
મારી રગોરગમાં રમતી–ભમતી.
માતૃ દેવો ભવ!

–જસમીન દેસાઈ,'દર્પણ'–રાજકોટ.
મો.૯૪૨૮૩૪૯૮૧૨

## ૧-મે ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે...

### ગરવી ધરા ને ગરવા ગુજરાતી

તેના તો ગુણો આખી ય દુનિયા તો ગાતી,
પ્રેમાનંદ કવિ અને મેઘાણી નું સર્જન,
પન્નાલાલની નવલકથા. સર્જાતી
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
પાટણના પટોળા તો જામનગર ની બાંધણી,
સુરત શહેરની ઘારી વખણાતી,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
ગાંધી સરદારની ભૂમિ જેવી નર્મદા મહી છે રૂડી,
પવિત્ર ડાકોરના ગોટાની ખ્યાતિ,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
ચાંપાનેરનું સર્જન ને અંબાજીની આરતી,
ગુજરાતે સર્જી છે સોનેરી ક્રાંતિ,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
હાંડવો , ખમણ,ખાંડવી ,ઢોકળા ની મસ્તી,
ચેવડો,ભાખરવડી, અથાણાં ને કેરી તો ભાવતી,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
આતિથ્ય ભાવથી વડીલોને સત્કારતી,
મીઠા ગરબાના સુર ઠેર ઠેર રેલાવતી,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
વિશ્વના નકશા ઉપર તો તું છો ઉભરાતી,
તારી સિદ્ધિઓ જોઈ ને દુનિયા કતરાતી ,
ગરવી ધરા ને ગરવા ગુજરાતી...
ડૉ કવિ રાજન ની છાતી ગજગજ ઉભરાતી એવી
અમૂલ્ય ધરાનો હું છું છેલ છબીલો ગુજરાતી

ડૉ. રાજન કે. હાથી, વડોદરા.

## સાર સાર કો ગ્રહી લહે થોથા દઈ ઉડાઈ..

વીચારવા જેવું છે ને...કદાચ આપણે અનેક ઉપધીઓના ..જરૂર વગર નાં ..આપના જીવન નાં પોષણ માટે બિન જરૂરી કેટ કેટલાય વિચારો થોથા સમાન ઠાંસી ઠાંસીને ભર્યાં કરીએ છીએ એવું નથી લાગતું?. સાર તત્વ તો ચપટીક હશે પણ તેને ચાખી લીધા પછી આપણે નાં સમજાય તેવી ધન્યતા આપણા જ જીવન પ્રત્યે કેળવીએ છીએ ને...સંસાર તો આસ પાસ સર્વત્ર દેખાવાનો જ ને..ભાગી ને જશું ક્યાં આપણે?..પણ ભાગવા કરતા તેને સમજીએ..શું સાચું કે શું ખોટું? તેનો વિવેક રાખતા થઈ જવાય તો બેડો પાર...આસક્તિ પણ કેવી અને કેટલી??વિચારવા જેવું....નાની અમથી પેન ખોવાય ગઈ કે ક્યાંક મુકાય ગઈ..જુવો આપના મનની સ્થિતિ!! પૂજ્ય વિનોબાજી યાદ આવે..કહેતા...નાની સરખી નોટ માં પણ હજાર રૂપિયા સમાયેલા હોય અને નાની અમથી લંગોટી માં પણ પર વગર ની આસક્તિ ભરેલી હોય..વિસ્તાર છોડો..ફેલાવો ઓછો કરો તેથી સંસાર ક્યાં ઘટે છે?પર વગર ની આસક્તિ વળગેલી જ હોય છે ને..!! આપણે કેટલીય વસ્તુ ઓ પ્રત્યે આસક્તિ રાખી ખુદ આપને જ ફસાયા કરીએ છીએ . થોથાની વાત આગળ કરી ને તો નાની અમથી વાત નું મોટું સ્વરૂપ અંતે તો આપણે જ અશાંતિમાં ધકેલાય છીએને...

ચાલો જીવનમાં શાંતિ પમાડે તેવા નાના તો નાના સાર તત્વને શોધવાનું શરૂ કરીએ અને ખરેખર જીવન જીવીએ.. નાની નાની ખુશીઓ જ આખરે તો ચિત્ત પ્રસન્ન રાખવાની ચાવી નથી શું? ચાવી ખોવઈ ગઈ તેવું ભલે લાગે પણ આપણી જ પાસે છે...

- પ્રકાશ દિનકરરાય હાથી M.9426132066

## શ્રી અનૂપભાઈ વોરાને ઇસરોના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બઢતી



મૂળ ભુજના અમદાવાદ ખાતે ISROના ગૃપ ડાયરેક્ટર તરીકે કાર્યરત અનૂપભાઈ વોરાને 'સિસ્ટમ રીલાયેબીલીટી એરિયાના ડેપ્યુટી ડાયરેક્ટર' તરીકેના ઉચ્ચ સ્થાને બઢતી આપવામાં આવી. તેઓએ ઈસરોમાં પોતાની કારકિર્દીની શરૂઆત મિકેનીકલ એન્જીનીયર તરીકે કરી હતી. ગર્વની બાબત છે કે ૩૭ વર્ષની સંન્નિષ્ઠ અને જ્વલંત કારકિર્દી દરમ્યાન આર્યભટ્ટ અને ભાસ્કર ઉપગ્રહને બાદ કરતાં દરેક સ્વદેશી ઉપગ્રહોની ડીઝાઇન તથા તેની વિશ્વસનીયતા માટે અનૂપભાઈનું વિશેષ પ્રદાન સાથે મહત્વનું યોગદાન રહયું છે.

જ્ઞાતિ માટે વિશેષ ગૌરવની બાબત છે કે તેઓ ઈસરોના અમદાવાદ ખાતેના કેન્દ્ર નિર્દેશક પછીના બીજા સ્થાને આ બઢતી મેળવનાર પ્રથમ જ્ઞાતિજન છે. ગર્વભેર અભિનંદન આપીએ અને સર્વોચ્ચ સ્થાને પહોંચે તેવી શુભકામના પાઠવીએ.

## કુ. પૂર્વા વૈશ્નવ એચ.એસ.સી.માં ભાવનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ



ભાવનગર સ્થિત શ્રી મુકુલભાઈ તથા મીતાબેન વૈશ્નવનાં પુત્રી કુ. પૂર્વા વૈશ્નવે સ્વામીનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરી તાજેતરમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ–૧૨ની પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં ભાવનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ પરિવાર તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. કુ. પૂર્વાએ ૯૯.૯૩ પી.આર. સાથે A-1 ગ્રેડ તેમજ 'ગુજકેટ' માં ૧૧૫/૧૨૦ માર્કસ મેળવી આ સફળતા હાંસલ કરી છે.

ચિ. પૂર્વા વડોદરા સ્થિત અશ્વિનકુમાર ઈશ્વરલાલ વૈશ્નવ તથા ભારતીબેન અશ્વિનકુમાર વૈશ્નવનાં પૌત્રી તથા રાજકોટ સ્થિત શશીકાંતભાઈ ઈશ્વરલાલ છાયા તથા પ્રિયંવદાબેન શશીકાંત છાયાનાં દોહિત્રી થાય.

## ચિ. રુદ્રાંશીનું આરંગેત્રમ્



મૂળ ભાવનગરના હાલ અમદાવાદ સ્થિત શ્રી અંકુર ઓઝા તથા શ્રીમતી કૃપા ઓઝાની પુત્રી ચિ. રુદ્રાંશી એ માત્ર ૧૨ વર્ષની વયે અમદાવાદ સ્થિત નૃત્યભારતી એકેડેમી ઓફ પર્ફોમિંગ આર્ટસમા કલાગુરૂ શ્રીમતી ઈલાક્ષીબેન ઠાકોર, ગુરૂ શ્રી ચંદન ઠાકોર તથા શ્રીમતી નિરાલી ઠાકોરના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રીય નૃત્ય શૈલી ભારત નાટયમ્‌ની તાલીમ પૂર્ણ કરી. તા.૧૩ મેના રોજ અમદાવાદ ખાતે તેણીની પ્રથમ રંગમંચ પ્રવેશ નિમિત્તે આરંગેત્રમની રજૂઆત કરી. ચિ. રુદ્રાંશીના પરનાની મા.મુ. કોકીલાબેન ઘનશ્યામભાઈ વૈશ્નવ (ઉ.વ.૯૧)આ પ્રસંગે આશીર્વાદ આપવા ખાસ ઉપસ્થિત રહેલ. તો તેણીનો ઉત્સાહ વધારવા અમદાવાદ ઉપરાંત વિવિધ શહેરોમાં સ્થિત કુટુંબીજનો સ્નેહી સંબંધીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

# સમાચાર સંચય

- અમદાવાદ : વ્યવસાય કરતા જ્ઞાતિના ભાઈઓ બહેનોને પ્રોત્સાહન સાથે આર્થિક ટેકો મળે તે હેતુથી અ.ભા.નાગર પરિષદ દ્વારા 'ઉત્કર્ષ પ્રદર્શન'નું આયોજન થઈ ગયું.તા.૨૨–૨૩ના રોજ પાલડીના સુવર્ણ જયંતિ હોલ ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં સમગ્ર ભારતમાંથી ૨૮ જેટલા બંધુઓએ ભાગ લઈ ડ્રેસ મટિરીયલ્સ, ઈમિટેશન જ્વેલરી,ગાર્ડન એસેસરીઝ,ગેમ્સ તથા નાસ્તાઓ મૂક્યા હતા.પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જલ્પેશભાઈ મહેતા તથા અન્ય પદાધિકારીઓએ હાજરી આપી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. રજાના દિવસો હોવાના કારણે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી ખરીદી કરી સ્ટોલધારકોનો ઉત્સાહ વધાર્યો હતો.
- આરોહ નિલેષ અંજારીયા બાર કાઉન્સીલની પરીક્ષામાં સફળતા મેળવી એડવોકેટની પદવી મેળવી.
- રાજકોટ : અત્રેના જ્ઞાતિ કાર્યકર વિભાકરભાઈ તથા પલ્લવીબેન અંજારિયાના પુત્ર હર્ષિત અંજારિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા લેવાયેલ 'ફોરેન એક્ઝામ'માં ઉત્તીર્ણ થયા બાદ ઇન્ટરવ્યુમાં પણ સફળતા મેળવતાં લંડન–યુ.કે.ખાતે નિમણુંક મેળવી છે.અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામના.
- અત્રેના સેવાભાવી જ્ઞાતિ કાર્યકર શ્રી બાલેન્દુભાઈ મહેતાના પૌત્ર હૃદય જીગર મહેતાને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.શાસ્ત્રોક્ત વિધિ સાથે ધામધૂમથી ઉજવાયેલ આ પ્રસંગ નિમિત્તે સ્નેહી સંબંધીઓ, જ્ઞાતિ અગ્રણીઓ/ શુભેચ્છકોને ભોજન સમારંભમાં નિમંત્રીત કરવામાં આવ્યા હતા.
- આરવ કૌટિલ્ય છાયા સૌરાષ્ટ્ર ક્રિકેટ એશો.ની 'અંડર– ૧૬' ટુર્નામેન્ટમાં સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટ વતી રમી બે ઈનીંગમાં ૭૪ રન કર્યા.જેમાં એક અર્ધ શતક–૫૦ રનનો સમાવેશ થાય છે.
- અમેરિકા : ગત તા.૩૦ એપ્રિલના રોજ 'નાગર્સ ઓફ નોર્થ અમેરિકા' દ્વારા ઈષ્ટદેવ હાટકેશ દાદાના પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી.પરંપરાગત ભારતીય વસ્ત્ર પરિધાન સાથે આશરે ૨૦૦ જેટલા હાટકેશજનોએ સ્તુતિ,સ્તોત્ર ગાન કરી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.
- સુરત : સી.સી.ટીવી કેમેરાની જાણીતી એમએનસી. સી.પી.પ્લસમાં અત્રે એરિયા મેનેજર તરીકે કાર્યરત વૃષાંક નૈષધભાઈ વસાવડા (વિરેનભાઈ ધોળકિયાના જમાઇ)તા.૧૮થી ૨૨ મે દરમ્યાન દુબઈ ખાતે યોજાયેલ સમગ્ર ભારતના પદાધિકારીઓની કોન્ફરન્સમાં ભાગ લઈ આવ્યા.
- વડોદરા : શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિની નગરી વડોદરા ખાતે સતત બે વર્ષના અથાગ પ્રયત્નોથી શહેરની સાત નામાંકીત સાહિત્ય સંસ્થાઓએ વડોદરાના ૨૦૦ જેટલા કવિઓ, સાક્ષરો, સાહિત્યકારો, લેખકો, શાયરો, ગઝલકારોની ફોટા તથા તેમની સાહિત્યિક તથા વ્યક્તિગત વિગતો સાથેની ડિરેક્ટરી મુખપૃષ્ઠ ઉપર કવિ પ્રેમાનંદના ફોટા સાથે પ્રકાશિત કરવામાં આવી. જેનું વિમોચન વડોદરાના અટલાદરા ખાતે આવેલ બ્રહ્માકુમારી કેન્દ્રનો ૩ ૨ વર્ષ થી સુચારુ વહીવટ કરતાં પૂજ્ય અરુણા દીદીના

વરદ હસ્તે કરવામાં આવ્યું. નોંધપાત્ર છે કે આ ડિરેક્ટરીમાં સર્વશ્રી સિતાંશુ યશષચંદ્ર, ડૉ અંજની મહેતા, આર વી દેસાઈ, ડૉ. રાજેન્દ્ર કે. હાથી જેવા નાગર રત્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે પુસ્તક અંતર્ગત તમામ સાહિત્ય રસિકોને ભેટ તરીકે "વડનગરનો વિરલો નરેન્દ્ર મોદી" પુસ્તક, ડિરેક્ટરી તથા સ્મૃતિ ચિન્હ તરીકે ટ્રાવેલર્સ બેગ આપવામાં આવ્યા.

- રિટાયર ઓફીસર ફોરમ તથા જી.એસ.એફ.સી.ના સંયુક્ત ઉપક્રમે પ્રિ રીટાયર સેમિનારમાં ડો. રાજેન્દ્ર કે. હાથી બે મહિનામાં છ વાર 'વડીલોનો રક્ષક? આયુર્વેદ!' વિષય ઉપર વૈજ્ઞાનિક વાર્તાલાપ આપી આવ્યા અને બે વાર જીએસએફસી. જામનગર સિક્કાના આમંત્રણથી ડો. લેખાબેન હાથીનો સાથ લઈને અધિકારીઓને સતત બે દિવસ આરોગ્ય અને આયુર્વેદનું શિક્ષણ આપવા જઈ આવ્યા.
- વડોદરાની જાણીતી સંસ્થા સરદાર ભવન ટ્રસ્ટ દ્વારા સૌ પ્રથમ વાર ગુજરાતી ભાષાને ઉજાગર કરવા માટે ફકત ગુજરાતી ગીતો ની અંતાક્ષરી યોજાઈ જેમાં ડો રાજેન્દ્ર કે હાથીએ મન્નાડેના સ્વરમાં ગવાયેલ "જય જય ગરવી ગુજરાત" ગીત સાંપ્રત સંતો,કવિઓ,નેતાઓ,લેખકો,સમાજ સેવકો તથા સર સયાજીરાવ ત્રીજાને ઉમેરી નવી કડીઓ રચીને આબેહૂબ રજૂ કરીને બધાના દિલ જીતી લીધાં.

---

**<u>સગપણ–સગાઈ</u> : રાજકોટ સ્થિત શ્રીમતી લીનાબેન તથા સંજીવભાઈ અશ્વિનભાઈ મંકોડીનાં પુત્રી ગોરલનું સગપણ વડોદરા સ્થિત શ્રીમતી જાગૃતિબેન તથા સ્નેહલભાઈ મહેશચંદ્ર દેસાઈના પુત્ર સચિન સાથે.**

**<u>શુભ લગ્નમ્</u> :**


**રાજકોટ નિવાસી શ્રી જગતકિશોર ઢેબર તથા અ.સૌ. પ્રતિભાબેનનાં પુત્રી પારૂલનાં લગ્ન રાજકોટ સ્થિત શ્રી મહેન્દ્રકુમાર તથા અ.સૌ. ગીરીશાબેનના પુત્ર હિતેશ સાથે.**

---

## પુસ્તક પરિચય :

**ૐ પથિકાય નમઃ – લેખક : ચિરંતન પટ્ટણી–વડોદરા**

**તાજેતરમાં શ્રી ચિરંતન પટ્ટણી લિખિત નવલકથા 'ૐ પથિકાય નમઃ' પ્રકાશિત થઈ. એક પાત્ર પથિક પર રચાયેલ વાર્તાનું હાર્દ કંઈક આવું છે...પથિક અપરિણિત છે જેને નિર્દોશ પ્રેમની ઝંખના છે. જીઓલોજીકલ વિભાગમાં સરકારી નોકરી કરે છે. આ ક્ષેત્રના પરદેશી મિત્ર સાથે ભૂસ્તર હેઠળની હિલચાલ ના અભ્યાસ માટે હિમાલય પહોંચે છે..જ્યાં યોગીની ગુફાના અનુભવ,અનેક સ્ત્રી મિત્રો સાથે આત્મીય મિત્રતા,પૂર્વજન્મના સંબંધો, ભાઈચારા, કાલ્પનિક કલ્કી યુગની ઝલક સાથે પથિકના પ્રેમાળ વ્યક્તિત્વ દ્વારા અસૂરોમાં સકારાત્મક વિચાર પરિવર્તન જેવી બાબતો વણીને વાર્તા રચાયેલી છે.પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રીમતી કાજલ ઓઝા–વૈદ્ય લખે છે,'કામ અને ક્રોધ જેવા જટિલ વિષયોને પથિક જીવનમાં પડતાં આખડતાં કઈ રીતે રચનાત્મક રીતે વળાંક આપે છે એ પ્રસંગોનું મજેદાર પુસ્તક લખવાનો લેખકનો નિર્દોશ પ્રયત્ન છે.' રસ ધરાવતા બંધુઓ ચિરંતનભાઈનો મો.નં.૯૧૦૬૯૫૫૭૧૮ ઉપર સંપર્ક કરશો.**



# પેન્શનર્સના મસિહા મહેશભાઈ છાયા

પેન્શનર સમાજના મોભી અને માર્ગદર્શક એવા મહેશચંદ્ર મહેન્દ્રરાય છાયાનું ૯૩ વર્ષની વયે ગત તા.૧૨/૪/૨૩ના રોજ રાજકોટ ખાતે અવસાન થયું. પ્રેરણાદાયી સ્વ.મુ.મહેશભાઈના જીવન સફર દરમ્યાનની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓની વિસ્તૃત ઝલક જોઈએ..

સ્વ.મહેશભાઈએ લાંબાકાળની મત્સઉદ્યોગ ખાતાની સરકારી સેવામાં ખાતાના કર્મચારીઓના પ્રશ્નોમાં જીવંત રસ લઈ મદદરૂપ થઈ સંન્નિષ્ઠ ફરજ બજાવી અને મદદનીશ નિયામક તરીકેના ઉચ્ચ હોદ્દા પર પહોંચી પાંચ વર્ષ વહેલી નિવૃત્તી લઈ લીધી.નિવૃત્તી બાદ સરકારી કર્મચારીઓના નોકરી અને પેન્શન સંદર્ભના અસંખ્ય પ્રશ્નોના નિરાકરણમાં લાગી ગયા અને જ્યાં સુધી પ્રશ્નોનો યોગ્ય ઉકેલ ન આવે ત્યાં સુધી જંપીને બેસે નહી.આમ,લોકપ્રિયતા મેળવવાની સાથે તેઓ જોતજોતામાં સમગ્ર કર્મચારી/ પેન્શનરના ખરા અર્થમાં માર્ગદર્શક નેતા તરીકે ઉભરી આવ્યા. સ્વ.મહેશભાઈ લાંબા સમયથી કર્મચારી વર્ગને વાચા આપતા મેગેઝીન 'કર્મચારી બુલેટિન'ના સંપાદક મંડળમાં રહી આજીવન સૌરાષ્ટ્ર કચ્છ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા રહયા. આ જવાબદારી સુપેરે નિભાવી જે સામયિકના વ્યવસ્થાપકો અને વાચકો કેમ ભૂલી શકે?

રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવી રાજકોટના કર્મચારીઓ અને પેન્શનરોને ઘણા ઉપયોગી બની અનન્ય સેવાઓ આપી. તા.૧૮/૯/ ૧૯૯૩થી 'રાજકોટ તાલુકા પેન્શનર સમાજ'ને રજિસ્ટર્ડ સંસ્થા તરીકે નોંધણી કરાવી.જેના મોભી/ પ્રમુખ તરીકે તેઓ જીવન પર્યંત કાર્યરત રહી આ સંસ્થાના લગભગ ચાર હજાર સભ્ય બનાવ્યા. આ કાર્યકાળ દરમ્યાન અસંખ્ય પેન્શનરોના અટવાયેલ પેન્શન/ પ્રશ્નોના નિરાકરણમાં, વિધવા બહેનોના પેન્શન મંજુર કરાવવા, માનસિક–શારીરિક અશકત સંતાનોને આજીવન કુટુંબ પેન્શન મંજુર કરાવવામાં તેઓનો સિંહફાળો રહેલ. અને તેથી જ મહેશભાઈએ પેન્શનરોના 'ભીષ્મ પિતામહ' તરીકે ઓળખ મેળવી હતી. આ પૂરવાર કરતાં તેઓએ રાજકોટ તાલુકા પેન્શનર સમાજના મોભી તરીકે સંસ્થાનો વહીવટ કુનેહ,કરકસર સાથે અને પારદર્શી રીતે ચલાવ્યો, જેના પરિણામ સ્વરૂપે સંસ્થાની જમા રાશિમાંથી રૂપિયા પંદર લાખ જેવી માતબર રકમનું દાન રાજકોટની 'પંચનાથ હોસ્પિટલ' ને સીટી સ્કેન મશીન ખરીદવા અર્પણ કરી સૌને માટે પ્રેરક માનવ ધર્મ બજાવી જનતાના દિલ જીતી લીધાં.

દરેક પ્રશ્નોને તલસ્પર્શી અભ્યાસ અને સ્પષ્ટ શબ્દોમાં યોગ્ય સ્તરે સાચા પ્રશ્નોની હસ્તલિખિત રજૂઆત એ તેમની લાક્ષણિકતા થકી સરકારશ્રીના વિવિધ વિભાગોમાં સચિવ કક્ષાએ મહેશભાઈના કોઈપણ પ્રશ્નોની ત્વરિત નોંધ લેવાય અને હકારાત્મક નિકાલ આવી જતો.તેઓ શારીરિક તંદુરસ્તી પ્રત્યે પણ સજાગ રહી જીવન પર્યંત વહેલી સવારથી સાયકલનો ઉપયોગ જ કરતા રહયા.એક સ્પોર્ટસમેન તરીકે રાજકોટ શહેરમાં યોજાતા ક્રિકેટ કોચીંગ કેમ્પમાં કોચ તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.

આવા ઉમદા કાર્યો કરનાર નેક દિલના 'મહેશ'ની 'છાયા'ના પગલે ચાલવાનું સામર્થ્ય, શકિત અને સમજણ મળે એ જ તેમને સાચી શ્રદ્ધાંજલી હોય શકે..અસ્તુ!

## પરિણામોની પગદંડી

<u>ધોરણ–૧૦</u>

યશ્વી વિભવ હાથી ૯૦% (ICSE) પુના
સામર્થ્ય કેતન રીડાણી ૮૯% મુંબઈ
સુકન્યા આદિત ધોળકિયા ૯૪ % CBSC પાટણ
વંદિત રાજેન બુચ ૯૫% વડોદરા
લબ્ધિ ધવન વૈશ્નવ ૬૫% વડોદરા
ઇશિતા ઊર્મિલ દેસાઈ ૯૦% જામનગર
ક્રિષા કૃનાલ ખારોડ ૯૦% CBSC ગાંધીનગર
મંદાર કુંજન વસાવડા ૯૪ % CBSC વાપી
કાવ્યા નિપૂણ ધોળકિયા ૯૪ % CBSC અમદાવાદ
હિયા કલ્પેશ બક્ષી ICSE ૯૫% અમદાવાદ
ધરવ તૃષાંત જોષીપુરા ૮૯% અમદાવાદ
દ્વિષા હિતેષ મહેતા ૯૯% પી.આર.અમદાવાદ
ગરીમા દિવ્યાંગ વસાવડા ૭૬% અમદાવાદ
હાર્દિ નિલેશ વછરાજાની ૯૩% રાજકોટ
અર્ચિત ચિરાગ વસાવડા ૯૨% રાજકોટ
પ્રિયાંશ દેવર્ષિ છાયા ૮૫% રાજકોટ
મંત્ર સમીર અંતાણી ૯૯.૮૧ રાજકોટ
(ઉત્કર્ષ સ્કૂલ–શાળા પ્રથમ)
ખ્વાહીશ કેયુર પોટા ૮૩% રાજકોટ
જિયા ભાવેશ બુચ ૬૫% રાજકોટ
આરવ કૌટિલ્ય છાયા ૬૮% રાજકોટ
યશ્વી આશિષ નાણાવટી ૭૭% રાજકોટ
અનુજ દર્શન છાયા૯૪ % CBSC વડોદરા
આદિત દર્શન છાયા ૯૭% CBSC વડોદરા
વિજ્ઞાન ૧૦૦માંથી ૧૦૦ ગુણ
આનંદ વિદ્યાવિહાર હાઈસ્કૂલમાં પ્રથમ સ્થાન)
વડોદરા સ્થિત ડો. દર્શન–યોગિતા છાયાના પુત્રો
ડો.કુમુદભાઈ છાયા–સ્મિતાબેનના પૌત્રો)
વાગીશા જતન માંકડ ૯૫% જૂનાગઢ
સોહમ રાકેશ ત્રિવેદી ૮૮% જૂનાગઢ

<u>ટી.વાય.બી.કોમ.</u>

કૈરવી દિપક અંતાણી ૭૬% રાજકોટ
(બીઝનેસ મેથ્સ–૯૫ માર્કસ)

<u>સેકન્ડ એમ.બી.બી.એસ.</u>

કુ.રાજવી કલ્પેશ બક્ષી

<u>ધોરણ–૧૨</u>

અમી આશિષ બુચ ૯૬ % CBSC અમદાવાદ
રાજવી દર્પણ ધોળકિયા ૭૯ % CBSC રાજકોટ
મેઘ હિતેષ ધોળકિયા ૭૩% રાજકોટ
ધરોહર પરાશર છાયા ૯૭ પી.આર.રાજકોટ

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી

<u>વડોદરા</u> : મહેશભાઈ મુકુંદરાય સ્વાદિયા, ભાવનાબેન યોગેન્દ્રભાઈ બક્ષી,શ્રીમતી બકુલબેન નલીનભાઇ કીકાણી,નિલમભાઈ જનાર્દનભાઈ બુચ,યજ્ઞેશભાઈ પુંડરિકરાય મહેતા/<u>અમદાવાદ</u> : નૈષધભાઈ ઢેબર, જ્યોત્સનાબેન જયવંતરાય બુચ,શ્રીમતી ભાવનાબેન યોગેન્દ્રભાઇ બક્ષી, જ્યોત્સનાબેન જયવંતરાય બુચ–૯૪ વર્ષ.,ભાવનાબેન યોગેન્દ્રભાઈ બક્ષી / ગાંધીનગરના વશિષ્ઠ ઉદયભાઈ વૈશ્નવનું માર્ગ અકસ્માતમાં નિધન

<u>રાજકોટ</u> : ડો.અલકાબેન મહેન્દ્રભાઈ માંકડ, શરદચંદ્ર હર્ષવંતરાય ધોળકિયા,ભાવિની ઉપનેશ વૈશ્નવ, પ્રદીપભાઈ ધનસુખભાઈ માંકડ, ગં.સ્વ. પ્રતીમાબેન સુરેન્દ્રરાય વસાવડા /ભાવનગર : કુમુદબેન બાબારાવભાઈ મહેતા,મહુવા : નૈષધભાઈ નીતિનરાય દેસાઈ /જૂનાગઢ : જયેન્દ્રભાઈ મણિશંકર ઓઝા/ જામનગર : ડો.સુરેશભાઈ વછરાજાની, ગીતાબેન જનકરાય માંકડ–૯૩ વર્ષ/ <u>મુંબઈ</u> : કેદારભાઈ નલિનભાઈ મહેતા, <u>અંકલેશ્વર</u> : જયેશભાઈ ભાસ્કરરાય બુચ

# સાચો માનવ ધર્મ નિભાવતા સેવાભાવી ડો.કિરીટભાઈ ધોળકિયાનું સન્માન થયું



'માનવ સેવા એજ પ્રભુ સેવા'ને સાચા અર્થમાં ચરિતાર્થ કરી નાત જાત,ગરીબ તવંગર ના ભેદભાવ તેમજ સમય કે ઋતુ જોયા વગર દાયકાઓથી નિર્મળ ભાવથી અવિરત તબીબી સેવા આપી રહેલા 'વૈષ્ણવજન' રાજકોટના ડો.કિરીટભાઈ ધોળકિયાનું ગત તા.૧૧/૫/૨૩ના રોજ સન્માન કરવામાં આવ્યું. સર્વશ્રી હિમાંશુભાઈ માંકડ (ચ'ભાઈ), મુકેશભાઈ માંકડ, કિરીટભાઈ હાથી, જયદિપ વસાવડા, પિયુષ બુચ, નાગેન્દ્ર બુચ, પ્રણવ બક્ષી તથા અન્યો દ્વારા આ –સન્માન– ભાવવંદના કરવામાં આવી. આ સન્માન વિશેષ મહત્વનું એટલા માટે છે કે તેમાં માત્ર ડો.કિરીટભાઈ પ્રત્યે પ્રેમાદર અને તેમની નિષ્ઠા અને સમર્પિતતાને બિરદાવવાનો શુભભાવ છે.પરસ્પર કોઈ અંગત સ્વાર્થ નથી કે નથી પ્રશસ્તિનો મોહ.ઉપરાંત સન્માનકર્તાઓ પણ જ્ઞાતિ ને સમાજ માટે નિરપેક્ષ ભાવથી અને પ્રશંસાના મોહથી પર રહી કોઈને કોઈ ક્ષેત્રમાં અવિરત સેવારત રહેતા જ્ઞાતિબંધુઓ દ્વારા કરવામાં આવ્યું છે.

ડો.કિરીટભાઈ વિશે થોડું..તેઓનું ઘર એજ ધર્મ સાથે કર્મનું સ્થાનક. ઘર–દવાખાનામાં પ્રવેશતાં ખરા અર્થમાં સહધર્મચારિણી એવાં સુરેખાબેન હતાં ત્યારે બંને આત્મીય ભાવ સાથે કૌટુંબિક અન્ય વાતો કરે અને ડોકટર દવા આપે. વિશેષ બાબતો એ કે સામાન્ય માણસને પણ પોસાય તેવી નજીવી ફી,જનરલ પ્રેકટીશન છતાં કોઈપણ રોગનું સચોટ નિદાન, ખોટા ટેસ્ટ નહી, બહારની ઓછામાં ઓછી દવા વગેરેમાં પણ માનવતાવાદી અભિગમ જોવા મળે. વીઝીટમાં આવનારા ડોકટરો હવે ઘણા ઓછા રહયા છે ત્યારે કોઈપણ સમયે હાજર થઈ જતા કિરીટભાઈ ડોકટર નહી પરંતુ સ્વજન જેવા લાગે.કોઈ ઘમંડ નહી,અંતરંગ વાતો થાય, ભકિતની જેમ નિર્મળ અંતઃકરણથી પૂરા દિલથી દર્દીની સેવા– સુશ્રુષા કરે.હા, દર્દીઓને પણ તેઓ ઉપર અતૂટ વિશ્વાસ. તેઓ કોરોનાના કપરા સમયમાં પણ કેટલાયને ઘેર– વીઝીટમાં જઈ ત્વરિત અને યોગ્ય સારવાર આપતાં અનેકને જીવનદાન આપી દેવદૂત બની રહયા હશે.અમારા જેવા કેટલાંય પરિવારોએ તેમની સેવાનો લાભ લીધો હશે. તેઓના ઋણી રહીશું.

ડો.કિરીટભાઈ ધોળકિયાને અર્પણ કરવા ભાઈ પ્રણવ બક્ષીએ તૈયાર કરેલ સન્માનપત્રમાં યોગ્ય જ લખે છે..અંશ જોઈએ તો–'નહી બીક,નહી પીપીઇ કીટ,કોરોનાકાળમાં રહયા એ અગ્રેસર લડવૈયા,અહર્નિશ 'સેવા' મંત્રનો જાપ જપતું નામ એટલે ડો.કિરીટભાઈ ધોળકિયા'//'જ્યાં સ્વાર્થની ગેરહાજરી હોય અને સેવાની હાજરી હોય ત્યાં સન્માન હૃદયમાંથી પ્રગટતું હોય છે.હૃદયમાંથી પ્રગટતું સન્માન વ્યક્તિને 'વ્યકિત વિશેષ' બનાવે છે. આવા ડો.કિરીટભાઈ'વ્યકિત વિશેષ' છે.

અંતમાં ડો.નિમિત્ત ઓઝાએ એક લેખમાં ટાંકેલ સ્વામી વિવેકાનંદના વાકયો કિરીટભાઈ માટે લખી શકાય તેમ છે..'ખરા અર્થમાં સુખી અને સફળ થવાનો એક જ રસ્તો છે : નિસ્વાર્થતા અને નિસ્બત.આ જગતમાં બે પ્રકારના લોકો હોય છે યાચક અને દાતા.ચિંતા,ડર,અનિશ્ચિતતા કે નિષ્ફળતા ફકત એમને જ સતાવે જેમનું લક્ષ્ય કશુંક પામી લેવાનું છે. જેઓ આપવા નીકળે છે તેઓ આપોઆપ સફળ,સુખી અને સમૃદ્ધ બની જાય છે.કિરીટભાઈ નિસ્વાર્થી ને દાતા તેથી ડર,ચિંતા સતાવે નહી કારણ લક્ષ્ય પામવાનું નહી પરંતુ સેવાનું હોવાથી સુખી અને સમૃદ્ધ છે!

આવા સ્થિતપ્રજ્ઞ કર્મયોગી મુ.કિરીટભાઈને અભિવંદન સહ સ્વસ્થ દિર્ઘાયુની કામના–પ્રાર્થના

## જ્યુઈશ વિઝડમ :
## વિવેક ડહાપણ વિશે યહૂદી લોકોક્તિઓ

(૧) માત્ર શબ્દોથી જ નહીં પરંતુ તમારા કાર્યોથી પણ ડાહયા બનો.(૨) એક પક્ષીને તમે મુક્ત કરી ઉડાડી દેશો તે ફરી કોઈના હાથે પકડાઇ શકે છે પરંતુ તમારા હોઠમાંથી સરકેલા શબ્દો કદીયે પાછા આવશે નહીં.(૩) જો તમે દુઃખ અનુભવ્યું નથી તો તમે માનવી નથી.(૪) જો તમે આંખોથી જોઈ શકતા નથી તેને મોથી શોધવા પ્રયાસ ન કરો.(૫) સાચું બોલવાથી કાંઈપણ સાચું ગુમાવવું તેના કરતાં ખોટું કરીને મેળવવા કરતાં વધુ સારૂં છે.(૬) તમારા શત્રુનું પતન થાય તો ખુશ પણ ન થવું અને તેને ઊભો કરવા પણ ન જવું. (૭) પહેલાં તમે નમો અને પછી જ બીજાઓને નમાવો. (૮) તમારા શિક્ષણની લાયકાત કરતાં વધુ સન્માનની અપેક્ષા ન રાખો.(૯) તમે જ્યારે ભણાવો છો ત્યારે શીખો પણ છો.(૧૦) જેઓ હૃદયથી ભગ્ન છે તે ભગવાનથી સહુથી વધુ નજીક છે.(૧૧) બાળક કાંઈ બોલતું ન હોય ત્યારે તેની વાત એક માતા જ સમજી શકે છે. (૧૨) જેઓ તમારા પાડોશી છે તેને કદીયે નુકશાન ન પહોંચાડો.(૧૩) માત્ર સહાનુભૂતિથી જ કોઈની ભૂખ દૂર કરી શકાતી નથી,માત્ર સહાનુભૂતિથી તો ભૂખ વધુ તીવ્ર બને છે. (૧૪) જેને વિશ્વાસુ મિત્ર મળે છે તેને ખજાનો જ મળ્યો છે તેમ સમજવું.(૧૫) જે માણસ માત્ર પોતાની મુશ્કેલીઓની વાત તમને કરે છે અને તેની ખુશીઓની વાત તમને કરતો નથી તેની ઉપર કદીયે ભરોસો કરવો નહી.(૧૬) જો તમે (ખોટું કરતાં) ડરશો નહીં તો પાપ પણ તમને ગળ્યું લાગશે.(૧૭) વૃદ્ધ થવાથી આંખો નબળી પડે છે પરંતુ એક 'વૃદ્ધિ' વ્યકિત વધુ જોઈ શકે છે.(૧૮) ખરાબ હાથ કરતાં ખરાબ જીભ વધુ ખરાબ



## મા

(૧) જુની કોઈ ઉપમા આપી શકાય નહીં એનું નામ 'મા' જેની કોઈ સીમા નથી તેનું નામ છે 'મા'.
(૨) ત્રણ મા પરમાત્મા મહાત્મા અને મા ને ઓળખનારો મહાત્મા ને પરમાત્માને ઓળખશે.
(૩) ઉપર જીસકા અંત નહી ઉસે આસમા કહેતે હૈ, જહાંમેં જીસકા અંત નહીં ઉસે 'મા' કહેતે હૈ.
(૪) બચપણમાં ગોદ દેનારને ઘડપણમાં દગો દેનારો ના બનતો.

છે.(૧૯) તમારી જીભને શીખવો કે 'હું નથી જાણતો' એવું બોલતાં શીખે.(૨૦) ભગવાને બે કાન અને એક જ મોઢું આપ્યું છે તેથી ઓછું બોલો અને વધુ સાંભળો.(૨૧) ભગવાન એક સાથે બધે જઈ શકતા નથી તેથી તેમણે મા બનાવી.(૨૨) બધા જ લોકોની ફરિયાદ છે કે તેમની પાસે પૈસા નથી,પરંતુ કોઈ માણસ તેની પાસે બુદ્ધિ નથી તેવી ફરિયાદ કરતો નથી.(૨૩) જો પૈસાથી સમસ્યા હલ થતી હોય તો તે 'કિંમત' છે પ્રોબ્લેમ નથી.(૨૪) જો તમને સ્મિત કરતાં ન આવડતું હોય તો દુકાન ખોલશો નહી.(૨૫) દરેક વ્યક્તિ તમને પ્રેમ કરે અને નાણા ધીરે તે શકય નથી.(૨૬) ભગવાનને નમન કરવું તે શીખવાનું પ્રથમ પગલું છે. ખાલી મૂર્ખાઓ જ તેમ કરતા નથી.(૨૭) જો તમે ભલા છો તો તમે તમારા આત્માને પોષણ આપી રહયા છો.અને કોઈની પર જુલમ કરો છો તો તમે તમારા જીવનને નષ્ટ કરી રહયા છો.(૨૮) સાચો માણસ ભલે સાત વખત પડી જાય પરંતુ છેવટે તો ઊભો થાય છે જ.


## ભક્તિરસના ઘૂંટડા...

આપણે ત્યાં પ્રભુ ભક્તિ વિશે જેટલું લખાયું છે કે કહેવાયું છે એટલું કદાચ કોઈ અન્ય વિષય અંગે કહેવાયું નહી હોય!તેમ ભગવદ્ ગીતા માટે પણ એમ કહેવાયું છે કે આ ગ્રંથને તમે જેમ જેમ વધુ વાંચો તેમ તેમ તેમાંથી અનેક અવનવા અર્થ અને જીવનોપયોગી અવતરણો નીકળતાં જ રહે.

ભક્તિ માટે પણ એમ કહી શકાય કે જેટલા પ્રભુ ભકતો એટલી જ પ્રભુ ભકિતના વિવિધ ઉત્તમ રસ અવશ્ય ચાખવા મળે જ...આ ઉત્તમ રસ ચાખવા માટે નમ્ર પ્રયાસ કરાયો છે ...

(૧) ભક્તિ જ્યારે વ્યક્તિમાં પ્રવેશે છે ત્યારે એ વ્યકિત મહામાનવ બની જાય છે.

(૨) ભક્તિ જ્યારે ભોજનમાં પ્રવેશે ત્યારે તે પ્રસાદ બની જાય છે.



(૫) જે દીકરાના જન્મ વખતે મા–બાપે પેંડા વહેંચ્યા એ જ દીકરાએ મોટા થઈને મા–બાપને વહેંચ્યા..આહ! કેવું?

(૬) પહેલા આસું આવતાંને તું યાદ આવતી, આજે તું યાદ આવે છે ને આંસુ આવે છે.

(૭) મારે ખરી પણ માર ખાવા ન દે,એનું નામ 'મા'

(૮) મંગળસુત્ર વેંચીને તને મોટો કરનાર મા બાપને ઘરની બહાર કાઢનાર એય યુવાન,તું તારા જીવનમાં અમંગળ સુત્ર શરૂ કરે છે.

(૯) મા ઈ મા,બીજા વગડાના વા..

(૧૦) ભાગ માટે ભાંજગડ કરનારા દીકરાઓ બે ચીજ માટે ઉદાર બને છે,જેનું નામ છે..મા–બાપ.

(૩) ભક્તિ જ્યારે પાણીમાં પ્રવેશે છે, ત્યારે તે પવિત્ર જળ બની જાય છે.

(૪) ભક્તિ જ્યારે સંગીતમાં પ્રવેશે ને તે સંગીત કીર્તન બની જાય છે.

(૫) ભક્તિ જ્યારે ક્રિયામાં પ્રવેશે છે ત્યારે સેવા બની જાય છે.

(૬) ભક્તિ જ્યારે પ્રવાસમાં ભળે છે ત્યારે પ્રવાસ એ તીર્થ યાત્રા બની જાય છે.

(૭) ભક્તિ જ્યારે ઘરમાં પ્રવેશે છે ત્યારે ઘર મંદિર બની જાય છે.

(૮) ભક્તિ જ્યારે ભૂખમાં પ્રવેશે છે ત્યારે ભૂખ ઉપવાસ બની જાય છે.

(૯)ભક્તિ જ્યારે શબ્દમાં ભળે છે ત્યારે એ શબ્દ 'બ્રહ્મ' બની જાય છે.

(૧૦) ભક્તિ જ્યારે પ્રવચન કે ઉદ્‌બોધનમાં પ્રવેશે છે ત્યારે એ ઉપકારક ઉપદેશ બની જાય છે.


(૧૧) ભક્તિ જ્યારે જીભમાં પ્રવેશે છે ત્યારે વચનામૃત બની જાય છે.

(૧૨) ભક્તિ જ્યારે આંખમાં પ્રવેશે છે ત્યારે તે એક તેજસ્વી તારો બની જાય છે.

(૧૩) ભક્તિ જ્યારે શ્વાસમાં ભળે છે ત્યારે પ્રસન્ન સુગંધ બની જાય છે.

આવી શકિતશાળી ભક્તિમાં લીન બની જઈને આપણા સંત પ્રધાન દેશના અનેક મહા માનવ બનીને પોતાનું તેમ જ અન્ય ઘણાનું જીવન સાર્થક કરેલ છે...આપણે પણ ભક્ત કવિ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગા સતી અને વીર હનુમાનજી જેવા અનેક ભક્તોને ભાવથી સ્મરીને ભક્તિને જીવંત રાખીએ તો માનવ જીવન જરૂર સાર્થક બને.

સંકલન : ઠાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.



(૧૧) જે મસ્તી આંખોમાં છે તે
સુરાલયમાં નથી હોતી
અમીરી કોઈ દિલની મહાલયમાં નથી
હોતી શિતલતા પામવા દોટ,કાં મૂકે છે
માનવી જે માની ગોદમાં છે તે
હિમાલયમાં નથી હોતી.

(૧૨) બચપણમાં આઠ વર્ષ આંગળી
પકડી તને નિશાળે લઈ ગયા તેને
ઘડપણમાં આઠ વર્ષ
આંગળી ઝાલીને મંદિરે લઈ જજે.

(૧૩) શ્રવણ બની તીર્થયાત્રા કરાવી ન
શકો તો કંઈ નહી પરંતુ માતા–પિતાની
જીવન યાત્રા યાતનામય બને નહીં તેનું
ધ્યાન જરૂર રાખજો.

(૧૪) નાનો હતો ત્યારે માની પથારી
ભીની રાખતો, મોટો થયો ત્યારે
માની આંખડી ભીની રાખે છે. તને માને
ભીનાશમાં રાખવાની ટેવ પડી ગઈ છે.
(૧૫) માતૃ ભાષા–માતૃ ભૂમિ ને
'મા'નો કોઈ વિકલ્પ જ નથી.
(૧૬) 'મા'ને ક્ષમા બંને એક છે,
કેમ કે માફી આપવામાં બંને નેક છે.
(૧૭) ઘરના નામ માતૃ છાયા–
પિતૃ છાયા હોય પણ એમાં
મા–બાપના પડછાયા ય પડવા ન દે એ મકાનનું
નામ પત્નિ છાયા રાખવું ઠીક થઈ પડે!
(૧૮) મા–બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવા જતા
એ યુવાન જરા વિચારજે કે તને અનાથ આશ્રમમાં
નથી મૂક્યો, એ ભૂલની સજા તો નથી કરતોને?

"વિશ્વ હાસ્ય દિન" નિમિત્તે

# હાસ્ય મહિમા

(રાગ : આવો બચ્ચોં તુમ્હે દિખાયે...)

આવો મિત્રો તમને બતાવું હાસ્ય ના અનેક ફાયદા,
હસતા હસાવતા માણસોને, લાગેના મેડિકલ કાયદા,
હાસ્ય ઔષધમ, હાસ્ય અમૃતમ, હાસ્ય દિવ્યમ, હાસ્ય સૌમ્યમ,
(૧) હાઇ બ્લડ પ્રેશર, મધુ પ્રમેહ કે સંધિવા, હ્રદયના રોગ,
દમ, કે ખાંસી, શરદી સાઇનસ કે ફેફસાં ના રોગ,
ચિંતા, ઈર્ષ્યા, શોક કે ક્રોધ, તાણ હોય કોઈ અગર માનસિક રોગ,
આં દૈત્યો ને ભગાડે હાસ્ય, રોજ હસો અગર ત્રીસ મિનિટ,
ડોકટરો ને બાય બાય કરીને માઈન્ડ બોડી ને રાખે ફીટ,
હાસ્ય સત્યમ, હાસ્ય તથ્યમ, હાસ્ય ભવ્યમ, હાસ્ય પથ્યમ
આવો મિત્રો તમને બતાવું, હાસ્યના અનેક ફાયદા,
હસતા હસાવતા માણસોને, લાગેના મેડિકલ કાયદા
હાસ્ય ઔષધમ, હાસ્ય અમૃતમ, હાસ્ય દીવ્યમ, હાસ્ય બળ્યમ
(૨) માણસ છે એક એવું પ્રાણી, જેને હસવાનો અધિકાર,
હસવું હંસાવવું મફતમાં છે પૈસાનો કોઈ ના વ્યવહાર,
હસી હસાવી હાસ્યનો તો કરો સૌ વ્યાપક પ્રચાર
(૩) હસવાથી તો સંબંધ વધે ને વધે ધંધા ને રોજગાર,
૫ મિનિટના ખુલ્લા હાસ્યથી વર્ષોની થાય દૂર તકરાર ,
હાસ્ય રમ્યમ, હાસ્ય મધુરમ, હાસ્ય તીર્થમ, હાસ્ય બહુમૂલ્યમ..
આવો મિત્રો તમને બતાવું હાસ્ય ના અનેક ફાયદા,
હસતા હસાવતા માણસોને લાગે. ના મેડિકલ કાયદા,
હાસ્ય ઔષધમ, હાસ્ય અમૃતમ, હાસ્ય ગમ્યમ, હાસ્ય ધન્યમ

ડૉ. કવિ રાજન કે. હાથી, વડોદરા.


# ઐતિહાસીક તથ્યો અને નાગર પરંપરા

ગુજરાતની ગરવી ગરિમા અને ભારતીય સંસ્કૃતિ સમુજ્જવલ સંસ્કારધારાનું વૈશ્વિક ભૂમિકાએ વિસ્તરણ કરવામાં પણ નાગર જ્ઞાતિનું અમૂલ્ય પ્રદાન છે...અગાઉના લેખમાં જણાવ્યા મુજબ ભાણજી પંડયાને આજીવિકા અર્થે તે સમયના રાજાએ રાજ દરબારમાં સેવાની તક આપતાં,મુત્સદીગીરી કરતા તેથી પંડયા અટક મટીને મહેતા પડી હતી.

વડનગરા નાગર વૈષ્ણવ અવટંકધારી કુળોના મૂળપુરૂષ પુરશોત્તમ દાસ નામે થઈ ગયા.તેના બે પુત્રો હતા.એક કૃષ્ણદાસ અને બીજા પર્વતદાસ.કૃષ્ણદાસને ત્રણ પુત્રો થયેલા,તેમાંના એક નરસિંહ મહેતા હતા.આ કૃષ્ણદાસનો વંશ લાંબો ચાલ્યો નથી.એટલે પર્વત મહેતાનો જે વંશ વિસ્તાર થયો તે સમસ્ત કચ્છ કાઠીયાવાડના વૈષ્ણવ અવટંકધારી નાગરના કુળો છે.

નાગર જ્ઞાતિના વંશજો ભાણજી પંડયાથી લઈ ત્રિકમદાસ,સંસ્કૃતિને ઉચ્ચ સ્તરે લઈ ધાર્મિક, આધ્યાત્મિક, રાજકીય ઉમદા,ઉત્કૃષ્ટ ફાળો આપ્યો છે. અત્યાર સુધી આ સંસ્કૃતિ અને સંસ્કારની ધરોહર જળવાઈ રહેલ છે.આપણે જોયું ને અનુભવ્યું છે કે સરકારી નોકરીમાં નાગર જ્ઞાતિની વિભૂતીઓનું વર્ચસ્વ રહયું છે.નાગર જ્ઞાતિની વ્યક્તિઓમાં રહેલી બુદ્ધિતીવ્રતા,મુત્સદીગીરી અને ખંતથી કામ કરવાની વૃત્તિ,રીતી અને વફાદારી પરંપરાથી ચાલ્યા આવતા ગુણો છે.આ ગુણો અને શુભનિષ્ઠા થકી દેશી રાજ્યો અને ત્યાર પછીની સરકારો સફળતાથી રાજ કરવાને સમર્થ રહી છે.

ભક્તરાજ નરસિંહ મહેતાના કુટુંબમાં એટલે કે પરબત મહેતા વંશમાં ભકત કિર્તનકાર તરીકે ત્રિકમરાયજી, રંગીલદાસજી, રઘુનાથરાયજી અને અત્યારના સમયમાં ભક્ત



(૧૯) ૪ વર્ષનો તારો બાબલો તારો પ્રેમ ઈચ્છે તો ૫૦ વર્ષના તારા મા–બાપ તારો પ્રેમ ન ઈચ્છે!

(૨૦ ) ઘરની માને રડાવે ને મંદિરની 'મા'ને ચુંદડી ઓઢાડે.

(૨૧) બચપણમાં દીકરાને મા–બાપે બોલતાં શીખવાડયું હતું તે દિકરા ઘડપણમાં મા–બાપને ચૂપ રહેતાં શીખડાવે છે.

(૨૨) જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો ત્યારે માતા–પિતા તારી પાસે હતાં, માતા–પિતા છેલ્લો શ્વાસ લે ત્યારે તું તેની પાસે રહેજે.

(૨૩) જે દિવસે મા–બાપ તમારા કારણે રડે છે ત્યારે તમારો કરેલ ધર્મ આંસુમાં વહી જાય છે.

અનંતપ્રસાદજી અને જયસુખરાયજી વિગેરે થઈ ગયા.મળતી માહિતી પ્રમાણે પરબત મહેતાની ચૌદમી પેઢીએ થઈ ગયેલા અનંતપ્રસાદભાઇ વૈષ્ણવ માંગરોળમાં રહી કીર્તન,આખ્યાન અને સત્સંગ દ્વારા આપણી જ્ઞાતિના તથા અન્ય લોકોને ભકિત તરફ વાળ્યા છે.આ લખનારના પિતાએ પણ તેઓના સત્સંગનો લાભ લીધો છે. હાલ પણ અનંતપ્રસાદ વડીલના ભજનો ખૂબ લોકપ્રિય છે અને આજે પણ ગવાય છે.ભજનના શબ્દો હૃદયને ભાવ વિભોર બનાવે છે અને ગાવાની પ્રેરણા આપે છે.

આવી આધ્યાત્મિક પ્રેરણા મૂર્તિ શ્રી અનંતપ્રસાદનો જન્મ સંવત ૧૯૧૭ જેઠ વદ–૧૧ ઇ.સ.૧૮૬૧ તથા મરણ સંવત ૧૯૭૩ અષાઢ સુદ–૩ ઇ.સ.૧૯૧૭માં થયેલ. તેઓનો અભ્યાસ મેટ્રીક સુધીનો હતો પણ તીવ્ર બુદ્ધિ,વહીવટી કુશળતા શ્રેષ્ઠ હતાં.તેઓ માત્ર ૧૮ વર્ષની ઉંમરે રાધનપુર નવાબની કચેરીમાં સામાન્ય નોકરીથી શરૂ કરી જુદા જુદા અધિકારી પદે રહી દિવાન પદ સુધી પહોચ્યા અને સંવત ૧૯૫૬માં નિવૃત્ત થયા.

ગદ્ય અને પદ્ય ક્ષેત્રે તેઓનું પ્રદાન જોઈએ તો સામાજીક ૫ ગ્રંથો,ધાર્મિક ૧૫ ગ્રંથો,ધાર્મિક ૧૫ ગ્રંથો. પદ્યમાં ૧૦૮ પદોની એક એવી ૨૫ માળા.આખ્યાન:ભક્તોના ચરિત્ર–૧૧૧

જ્ઞાતિબંધુઓ હાલ પણ શ્રી અનંતપ્રસાદ ભાઈના ભજનો ગાઇને તેમની સ્મૃતિ તાજી રાખે છે. એ રીતે આપણી સંસ્કૃતિ અને સંસ્કાર સચવાઇ રહયા છે તે એક આનંદની વાત છે.

–પિનાકી સૂર્યશંકર શુક્લ,રાજકોટ.
મો. ૯૪૦૯૫૨૯૩૭૮

(૨૪) પેટમાં પાંચ દિકરા જેને ભારે નો'તા પડયા એ મા–દિકરાના પાંચ ફલેટમાં ભારે પડે છે.
વિતેલા સમયનો આ શ્રવણનો દેશ કોણ માનશે?

(૨૫) સંસારની બે કરૂણતા
'મા' વિનાનું ઘર અને ઘર વગરની 'મા'

(૨૬) પ્રેમને સાકાર થવાનું મન થયું ને 'મા'નું સર્જન થયું.

(૨૭) ગમે તેવા હોય ગુણીજન તોય માના સૌ ઋણીજન.

મા વિશે ગુણગાન–(કેટલાંક કઠોર પણ ખરાં) સંકલિત સૂત્રો રાજકોટના સ્વ.મુ.ભરતભાઈ મહેતા તરફથી મળ્યાં હતાં..ફરી વંદન સાથે..

॥ શ્રી હાટકેશ્વરો જયતે ॥

# શ્રી કચ્છ - સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ

સ્થાપના-૧૯૩૦ રજી.નં. એ-૨૯૯૧

કાર્યાલય "હાટકેશકૃપા" : એ/૨૦૧, જીવનધામ ફ્લેટ, હિંમતલાલ પાર્ક પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.

e-mail : ksvnagarmandal@gmail.com • website : www.ksvnagarmandal.com

**ટ્રસ્ટી**
(૧) શ્રી નીલકંઠભાઇ ધોળકીયા
૯૮૨૫૫૮૦૮૨૫
(૨) શ્રી અતુલભાઈ કીકાણી
૮૧૪૦૬૪૪૯૪૪
(૩) શ્રી હરિસિદ્ધભાઈ ઘોડા
૮૭૫૮૨૬૬૩૩૩

**પ્રમુખ**
શ્રી અમીત દેસાઈ
૯૪૨૭૦૧૧૭૫૩

**ઉપપ્રમુખ**
શ્રી વિભાકર ઘોડા
૯૯૦૯૦૩૧૯૩૩

**કોષાધ્યક્ષ**
શ્રી કુલીન વસાવડા
૯૩૨૭૦૬૧૯૯૫

**મંત્રી**
શ્રી અમીષ વસાવડા
૭૬૦૦૦૧૩૫૦૧

**સહમંત્રી**
શ્રી પરેશ વૈશ્નવ
૯૪૦૯૨૮૯૯૨૫
શ્રી મૌલેશ દેસાઈ
૯૪૨૯૬૧૭૮૭૧

**કારોબારી સભ્યો**
શ્રી પક્ષીન બુચ
૯૮૨૫૮૮૪૬૪૬
ચેતન છાયા
૭૬૦૦૦૫૦૯૪૮
શ્રી હેમંત દેસાઈ
૯૮૨૫૯૪૮૯૯૧
શ્રી કલાપી વૈશ્નવ
૯૪૨૮૧૧૦૦૫૩
શ્રી દેવલ વસાવડા
૯૯૭૮૮૨૮૫૯૯
શ્રી કપિલ ધોળકીયા
૮૯૮૦૦૨૬૫૯૫

**મહિલા કારોબારી**
કુ.નીલિમા વૈશ્નવ
૯૬૮૭૩૨૧૦૩૦
શ્રીમતી ચેતના વસાવડા
૯૮૨૪૦૫૧૨૭૦
શ્રીમતી જલ્પા વૈશ્નવ
૯૯૭૪૪૦૨૮૮૨

**કો ઓપ્ટ સભ્ય**
શ્રી જ્વાલીન નાણાવટી
૯૪૨૬૬૧૯૫૯૪

સર્વે જ્ઞાતિજનો,

જય હાટકેશ

## જ્ઞાતિબાંધવો માટે નમ્ર અપીલ

આપ સહુને ખ્યાલમાં હશે જ કે વર્ષ ૨૦૨૨ના પાટોત્સવ દરમિયાન શ્રી વિનાયકભાઈ બુચ Retired IAS દ્વારા વિચારબીજ મળતા મંડળ દ્વારા એક માનવીય અભિગમ દર્શાવતા જ્ઞાતિના જરૂરિયાતમંદ કુટુંબને કાયમી મદદ કરવાના હેતુથી આધારનિધિ ફંડની રચના કરવામાં આવેલ છે. આ એકત્ર થયેલ ફંડના વ્યાજમાંથી જ્ઞાતિના કમાનાર વ્યક્તિની અકાળે વિદાય, સહારો આપે તેવા સ્વજનવિહોણા અને મોટી ઉંમરના જ્ઞાતિજન, માનસિક-શારીરિક વ્યાધિઓના કારણે કામ કરવા અસમર્થ કે જેઓને નિયમિત માસિક આવક કે પેન્શન નથી તેમને દર મહિને શક્ય તેટલી આર્થિક સહાય કરવા માટે મંડળ દ્વારા ડિસેમ્બર ૨૦૨૨થી દર મહિને સહાય આપવાની શરૂ થયેલ અને માર્ચ ૨૦૨૩ સુધીમાં રૂા.૧,૩૫,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવેલ છે.

મંડળની અગાઉની અપીલને માન આપતા જ્ઞાતિજનોએ ઉદાર ભાવનાથી તેમાં ફાળો આપતા લગભગ એક વર્ષના ગાળામાં રૂા. ૪૪ લાખ જેટલું ભંડોળ એકત્ર થઈ ગયું અને આ એકત્ર થયેલ ભંડોળના વ્યાજમાંથી ગુજરાતના વિવિધ સ્થળો જેમકે અમદાવાદ, વડોદરા, જૂનાગઢ, રાજકોટ, વેરાવળ વગેરે વિવિધ સ્થળોએ હાલમાં ૯ જરૂરિયાતવાળા કુટુંબને માસિક મદદ પહોંચી રહી છે. આ ઉપરાંત આ યોજનાના સમાચાર પ્રસારિત થતા અન્ય જરૂરિયાતવાળા કુટુંબની માંગણી આવતી રહેલ છે, જેને પણ આ યોજનાનો લાભ આપવા માટે મંડળ પ્રયત્ન કરી રહેલ છે.

આ યોજનાનું સંચાલન કરવા માટે મંડળની કારોબારીના ૬ સભ્યો તથા મોટી રકમનું અનુદાન આપનાર દાતાના પ્રતિનિધિ (શ્રી જ્યોતીન્દ્રભાઈ બુચ, શ્રી મધુકરભાઈ અવાશિયા તથા શ્રી જીગ્નેશ કમલકાન્ત વસાવડા)ની સંયુક્ત કમિટી કાર્ય કરી રહેલ છે જે તેના લાભાર્થીની પૂર્ણ ચકાસણી બાદ મદદ મંજૂર કરે છે તથા એકત્ર થયેલ ભંડોળનું અલગથી રોકાણ કરી સલામત તથા મહત્તમ વ્યાજની આવક વધારવાના પ્રયત્નો કરે છે.

જો હજુ સુધી આપની દ્વારા આ માનવીય કાર્યમાં અનુદાન અપાયેલ ન હોય તો શક્ય તેટલો વધુમાં વધુ ફાળો આપી જ્ઞાતિ સેવાયજ્ઞમાં આહુતિ આપશો તથા એક સારું કાર્ય કરવાનો સંતોષ મેળવશો.

આપનું અનુદાન મંડળના નીચે જણાવેલ બેંક ખાતામાં જમા કરીને મંડળના પ્રતિનિધિને જાણ કરશો જેથી પહોંચ મોકલી શકાય.

આભાર સહ.

ખાતાનું નામ : શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ

ખાતાનો પ્રકાર : બચત ખાતું

ખાતા નંબર : ૨૦૧૯૧૦૧૧૦૦૧૦૩૮૨

બેંક : બેંક ઓફ ઈન્ડિયા, શારદા મંદિર શાખા

IFSC Code : BKID0002019

| પ્રમુખ | મંત્રી |
|---|---|
| અમિત દેસાઈ | અમીષ વસાવડા |

# ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**

**abmtravels@gmail.com**



## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુ:ખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુ:ખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫

૨૦+ વર્ષના અનુભવી

મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com

ypvmeraki@gmail.com

+91-9484668989 ypvmeraki YPV Meraki






Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot

**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

નોંધ : નીચે એડ્રેસ સ્લીપમાં આપેલો ગ્રાહક નંબર કાયમી એક જ રહે છે તેથી નોંધી લેશો ને લવાજમ ભરો ત્યારે આ નં.લખશો તો અમને સરળતા રહેશે. સ્લીપમાં સાથે જ આપનું લવાજમ પૂરૂં થવાના માસ/વર્ષ (દા.ત. (12/2023) બતાવે છે.જેની નોંધ પણ રાખશો. આપનું લવાજમ મળતાં તે રીન્યુ કરતાં આપને પહોંચ તરીકે ઓટો જનરેટેડ SMS મળે છે. ગ્રાહકોના લીસ્ટનું દર મહીને પ્રિન્ટઆઉટ કાઢવામાં આવે છે.છતાં અંક ન મળે તો અમને જાણ ને પોસ્ટમાં ફરિયાદ કરશો.—તંત્રી

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા

મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.